Thursday
26.02.2026
*Volume :10 * Issue No.230
*Email.: kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદ મેટ્રો ફેઝ-૨ ના વિસ્તરણ માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા આપવામાં આવેલી મંજૂરી બદલ શહેરવાસીઓને અભિનંદન પાઠવ્યા

## ૧,૦૬૭ કરોડના ખર્ચે નિર્માણ થનારી ગિફ્ટ સિટી (GIFT City) થી શાહપુર સુધીની નવી મેટ્રો લાઇન રહેવાસીઓને સસ્તી, અનુકૂળ અને હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પૂરી પાડશે



કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદ મેટ્રો ફેઝ-૨ ના વિસ્તરણ માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા આપવામાં આવેલી મંજૂરી બદલ શહેરવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા. 'X' પર શ્રેણીબદ્ધ પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, "અમદાવાદ મેટ્રો ફેઝ-૨ ના વિસ્તરણ માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા આપવામાં આવેલી મંજૂરી બદલ આ પ્રદેશના રહેવાસીઓને અભિનંદન. ૧,૦૬૭ કરોડના ખર્ચે ગિફ્ટ સિટી (GIFT City) થી શાહપુર સુધી નિર્માણ થનારી આ નવી મેટ્રો લાઇન શહેરના લોકોને સસ્તી, અનુકૂળ અને હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પૂરી પાડશે અને શૈક્ષણિક, કોર્પોરેટ અને વ્યાપારી પ્રવૃત્તિઓને નવી ગતિ આપશે.

શ્રી અમિત શાહે કહ્યું, "આજે, મોદીજીએ રાષ્ટ્રને ૯,૦૭૨ કરોડના મૂલ્યના ચાર મલ્ટિ-ટ્રેકિંગ રેલવે પ્રોજેક્ટ્સની ભેટ આપી છે. ગોંદિયા-જબલપુર રેલ લાઈનના ડબલિંગ અને પુંડરકથી કિયુલ અને ગમહરિયાથી ચાંડિલ સુધીની ત્રીજી અને ચોથી રેલવે લાઈનના નિર્માણથી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઝારખંડ અને બિહારમાં ઔદ્યોગિક અને પ્રવાસન પ્રવૃત્તિઓને નવી ગતિ મળશે." કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, "મોદીજીના નેતૃત્વમાં, કેન્દ્રીય કેબિનેટે આજે શ્રીનગર એરપોર્ટ પર નવા ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગને મંજૂરી આપી છે. ૧,૬૬૭ કરોડના ખર્ચે વિકસિત, ૭૧,૫૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલ મલ્ટિ-લેવલ કાર પાર્કિંગની સુવિધા ધરાવતું અને અત્યાધુનિક સુરક્ષાથી સજ્જ આ ટર્મિનલ કાશ્મીરમાં રોજગાર અને વેપારને વેગ આપશે." શ્રી અમિત શાહે કહ્યું, "નવીનીકરણીય ઊર્જાની વિપુલતા માટે મોદીજીના વિઝનને હાંસલ કરવા તરફ ભારતની ગતિને આજે પાવરગ્રીડની રોકાણ મર્યાદા વધારીને ૭,૫૦૦ કરોડ કરવાના કેન્દ્રીય કેબિનેટના નિર્ણયથી નવી ગતિ મળી છે. તે લોકોની વિકાસની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે આપણી રોકાણ ક્ષમતામાં વધારો કરશે."

# ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબેન બાંભણીયાના પ્રયાસોને મળી સફળતા





કમલમ્,
ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વનું એવા ભાવનગર ખાતેથી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ તકનીકી કારણોસર છેલ્લા ઘણા સમયથી બંધ હતી. સ્થાનિક લોકોની માંગણી અને લાગણીને ધ્યાને લઈને કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબેન બાંભણીયા એ કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીશ્રીને કરેલ રજૂઆતને પરિણામે સફળતા મળી છે.આગામી તા.૨૯ માર્ચથી ભાવનગર થી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ પુનઃશરૂ થશે જેનું આવતીકાલ તા.૨૫મી ફેબ્રુઆરીથી બુકીંગ શરૂ થશે જેનો નાગરિકોને લાભ લેવા મંત્રીશ્રી એ અપીલ કરી છે. ભાવનગર શહેરમાં ઉડાન યોજનાનો સમયગાળો પૂર્ણ થતાં બંધ થયેલી હવાઈ સેવાઓ ફરી શરૂ થવા જઈ રહી છે, જે અંતર્ગત ભાવનગરને મુંબઈ સાથેની સીધી એર કનેક્ટિવિટી પુનઃ પ્રાપ્ત થશે. ભાવનગરને સુચારું હવાઈ સુવિધા મળે તેમાટે ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ સઘન પ્રયાસો કર્યા હતા જેના પરિણામે આ સફળતા મળી છે. મંત્રીશ્રીએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કે.આર. નાયડુને રૂબરૂ રજૂઆત કરી હતી, કેન્દ્રીય રાજ્ય મંત્રી, નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી મુરલીધર મોહોલ સાથે તથા વિવિધ એર લાઈન્સ સાથે તબક્કાવાર બેઠકો યોજી હતી. કેન્દ્ર સરકારના સકારાત્મક વલણ અને દિશા-નિર્દેશોને પગલે ઈન્ડિગો એર લાઈન્સ દ્વારા ૨૯ માર્ચ ૨૦૨૬થી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઈટ (ATR વિમાન) શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના માટે ૨૫ ફેબ્રુઆરીથી ટિકિટનું બુકિંગ શરૂ કરવામાં આવશે. ભાવનગરથી નવી મુંબઈ સવારે ૮.૩૫ વાગે અને સાંજે ૨૦.૫૦ વાગે ઉપડશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આધુનિક પરિવહન સુવિધાઓ માટેની સરકારની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ સેવા શરૂ થવાથી ભાવનગરના વ્યાપાર-ઉદ્યોગને નવો વેગ મળશે અને મુંબઈ મારફતે દેશના અન્ય શહેરો સાથેનું જોડાણ પણ સરળ બનશે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ નિમુબેન બાંભણીયાએ કેન્દ્રીય મંત્રી શ્રી કે.આર. નાયડુ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી મુરલીધર મોહોલનો આભાર વ્યક્ત કર્યો છે. મંત્રીશ્રી નિમુબેન બાંભણીયાએ કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાનો વિશેષ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો છે. અને આ સુવિધા બદલ સમગ્ર ભાવેણાવાસીઓને અભિનંદન પાઠવ્યા છે

# ભારતના રાષ્ટ્રપતિએ પીડી હિન્દુજા હોસ્પિટલના રાષ્ટ્રવ્યાપી અભિયાન 'સેવિંગ લાઈવ્સ એન્ડ બિલ્ડિંગ અ હેલ્ધિયર ભારત'નું ઉદ્ઘાટન કર્યું

## નાગરિકોનું સ્વાસ્થ્ય એ સામૂહિક જવાબદારી છે; તમામ હિતધારકોએ એ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ કે ગરીબમાં ગરીબ વ્યક્તિને પણ સમયસર અને યોગ્ય તબીબી સારવાર મળે: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ



કમલમ્,
ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ લોક ભવન, મુંબઈ ખાતે પીડી હિન્દુજા હોસ્પિટલ દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી અભિયાન 'સેવિંગ લાઈવ્સ એન્ડ બિલ્ડિંગ અ હેલ્ધિયર ભારત' (જીવન બચાવવું અને સ્વસ્થ ભારતનું નિર્માણ) નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત સરકારે છેલ્લા એક દાયકામાં તમામ નાગરિકો સ્વસ્થ રહે અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ મેળવી શકે તે સુનિશ્ચિત કરવા માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. ૧૮૦,૦૦૦ થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરો દેશભરમાં સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડે છે. વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના, આયુષ્માન ભારત યોજના હેઠળ, અંદાજે ૧૨ કરોડ પરિવારોને હોસ્પિટલમાં દાખલ થવા માટે પ્રતિ પરિવાર વાર્ષિક ?૫ લાખનું આરોગ્ય કવચ મળે છે. મિશન ઈન્દ્રધનુષ, ટીબી-મુક્ત ભારત અભિયાન અને સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન જેવા રાષ્ટ્રીય કાર્યક્રમો નાગરિકોને રોગોથી બચાવવામાં યોગદાન આપી રહ્યા છે. ગુણવત્તાયુક્ત ડોકટરો અને પેરામેડિકલ પ્રોફેશનલ્સની ઉપલબ્ધતા વધારવા માટે MBBS અને પોસ્ટગ્રેજ્યુએટ બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા માટે અનેક રાજ્યોમાં નવી AIIMS અને મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રયાસોના સકારાત્મક પરિણામો મળી રહ્યા છે. જોકે, સ્વસ્થ ભારતના નિર્માણમાં સરકારની સાથે તમામ હિતધારકોની ભૂમિકા અત્યંત મહત્વની છે. દરેક નાગરિક સુધી ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે દરેકે મળીને કામ કરવું જોઈએ. "સેવિંગ લાઈવ્સ એન્ડ બિલ્ડિંગ અ હેલ્ધિયર ઈન્ડિયા" અભિયાન આ દિશામાં આવો જ એક પ્રયાસ છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જીવન બચાવવું એ દાનનું સૌથી મોટું કાર્ય છે. જીવન બચાવવા માટે કટોકટીની તબીબી સારવારની પહોંચ અત્યંત મહત્વની છે. એવું માનવામાં આવે છે કે ગોલ્ડન અવર (સુવર્ણ કલાક) ની અંદર યોગ્ય તબીબી સારવાર પૂરી પાડવાથી મોટાભાગના જીવ બચાવી શકાય છે. તાત્કાલિક તબીબી સહાયના અભાવે કોઈ પણ વ્યક્તિ જીવ ન ગુમાવે તે સુનિશ્ચિત કરવા માટે, PM રિલીફ સ્કીમ અકસ્માત પીડિતોને ૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર પૂરી પાડે છે. એમ્બ્યુલન્સ અને ટ્રોમા સેન્ટરોની સાથે, ગંભીર અકસ્માતો અને તબીબી કટોકટીમાં જીવ બચાવવા માટે જાગૃતિ પણ અત્યંત મહત્વની છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વસ્થ નાગરિકો મજબૂત રાષ્ટ્રનો પાયો છે. લોકોને રોગોથી બચાવવા અને તેમને સમયસર અને યોગ્ય તબીબી સારવાર પૂરી પાડવી તેમને સ્વસ્થ રાખવા માટે મહત્વપૂર્ણ છે. આરોગ્ય સંભાળ એ રાષ્ટ્ર નિર્માણનો અભિન્ન ભાગ છે. નાગરિકોનું સ્વાસ્થ્ય એ સામૂહિક જવાબદારી છે. તમામ હિતધારકોએ એ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ કે ગરીબમાં ગરીબ વ્યક્તિને પણ સમયસર અને યોગ્ય તબીબી સારવાર મળે. 'તમામ માટે સસ્તી વર્લ્ડ ક્લાસ હેલ્થકેર સેવાઓ' એ દરેકનું મિશન હોવું જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે ટેકનોલોજી અને AI, અન્ય ક્ષેત્રોની જેમ, આરોગ્ય સંભાળમાં પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ભવિષ્યમાં તેમની ભૂમિકા વધવાની જ છે અને આપણે આ માટે તૈયાર રહેવું જોઈએ. ભારત સરકાર ઈનોવેશન (નવીનતા) અને નવી ટેકનોલોજીના વ્યાપક સ્વીકાર માટે અનુકૂળ ઈકોસિસ્ટમ બનાવી રહી છે. ઈન્ડિયા છેં મિશન AI-સક્ષમ હેલ્થકેરમાં ઈનોવેશનને ટેકો આપી રહ્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત એક અગ્રણી ફાર્માસ્યુટિકલ ઉત્પાદક છે. આપણા દેશમાં ઉત્પાદિત દવાઓ વિશ્વભરના લોકોની સારવારમાં યોગદાન આપી રહી છે. જોકે, આપણે હજુ પણ ઘણા તબીબી ઉપકરણો અને જટિલ દવાઓ માટે આયાત પર નિર્ભર છીએ. આ આયાતી ઉપકરણો અને દવાઓ સામાન્ય લોકો માટે મોટો આર્થિક બોજ ઉભો કરે છે. આપણા નાગરિકોને સસ્તી આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે દેશમાં દવાઓ અને સાધનોનું ઉત્પાદન અત્યંત મહત્વનું છે. મેક ઈન ઈન્ડિયા અને PLI જેવી પહેલો આ દિશામાં મદદરૂપ સાબિત થઈ રહી છે. તેમણે તબીબી જગત અને વ્યવસાયિક સમુદાયને આ ક્ષેત્રમાં સંશોધન, ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહિત કરીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા વિનંતી કરી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' ના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છીએ.

આ લક્ષ્ય હાંસલ કરવા માટે સ્વસ્થ નાગરિકો પાયાની જરૂરિયાત છે. નાગરિકો ત્યારે જ સ્વસ્થ રહેશે જો તેમને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ સમયસર ઉપલબ્ધ થશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આપણા સામૂહિક પ્રયાસો દ્વારા, આપણા નાગરિકો ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ મેળવી શકશે અને ભારત વૈશ્વિક સ્વાસ્થ્ય ગંતવ્ય તરીકે વધુ માન્યતા પ્રાપ્ત કરશે.

# ગુજરાત આગામી ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ મહાત્મા મંદિર ખાતે ૩જી સેમિકનેક્ટ કોન્ફરન્સની યજમાની કરશે

**માઇક્રોન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, સીજી સેમી, કેઇન્સ અને તેમના વૈશ્વિક ભાગીદારો ગુજરાતના સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસમાં જોડાશે**



કમલમ્,ગાંધીનગર
ગુજરાત સરકાર આગામી ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ની ત્રીજી આવૃત્તિની યજમાની કરશે. ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા આયોજિત, આ વૈશ્વિક કોન્ફરન્સ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ થકી પ્રેરિત છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રીના ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના આહ્વાને સેમિકન્ડક્ટર ક્ષેત્રને ભારતના ગ્રોથ એજન્ડાના કેન્દ્રમાં સ્થાપિત કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી (IT), રેલવે તેમજ માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. આ કોન્ફરન્સનું થીમ છેઃ 'ગુજરાતઃ ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન' (ગુજરાતઃ સિલિકોન માટે ભારતનું પ્રવેશદ્વાર), જે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના પ્રમુખ કેન્દ્ર તરીકે સ્થાપિત થવાની રાજ્યની મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે. ગુજરાત તેના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક કોરિડોર અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ સાથે ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચ ક્ષમતાઓને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. આ કોન્ફરન્સ વૈશ્વિક સેમિકન્ડક્ટર સીઈઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ અગ્રણીઓને એકસાથે લાવશે, જેઓ વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત બનાવતી વ્યૂહરચનાઓ પર ચર્ચા કરશે. આ બે દિવસીય કોન્ફરન્સમાં મુખ્ય ભાષણો, થીમેટિક પેનલ્સ અને આંતરરાષ્ટ્રીય રાઉન્ડટેબલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે નેક્સ્ટ જનરેશન સેમિકન્ડક્ટર રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગ, ધોલેરા અને સાણંદ જેવા હબ માટે લોજિસ્ટિક્સ અને નિકાસની સજ્જતા, ભવિષ્યના કૌશલ્યો માટે કાર્યબળનો વિકાસ જેવા સત્રો યોજાશે. સત્રોમાં થનારી ચર્ચાઓમાં ભારતના ઈલેક્ટ્રોનિક્સ પાયાને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં પ્રિન્ટેડ સર્કિટ બોર્ડથી લઈને રેઝિલિયન્ટ કોમ્પોનેન્ટ ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. સમાંતર યોજાનારા સત્રોમાં માઈક્રોન સપ્લાયર્સ રાઉન્ડટેબલ, જાપાન અને તાઈવાન સાથે કન્ટ્રી-સ્પેસિફિક રાઉન્ડટેબલ અને 'ફ્રોમ સિલિકોન ટુ સ્ટુડન્ટ્સઃ બિલ્ડીંગ ઈન્ડિયાઝ સેમિકન્ડક્ટર ફ્યુચર'(સિલિકોનથી વિદ્યાર્થીઓ સુધીઃ ભારતના સેમિકન્ડક્ટર ભવિષ્યનું નિર્માણ) શીર્ષક હેઠળ શિક્ષણ અને આઉટરીચ પર સેમિનારનો સમાવેશ થાય છે. બીજા દિવસે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR) ખાતે ગાઈડેડ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે, જે GSEM, DICDL અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા આયોજિત થશે. આ ગાઈડેડ ટુર પ્રતિનિધિઓને ગુજરાતના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને પ્રત્યક્ષ જોવાની તક પ્રદાન કરશે. આ કોન્ફરન્સમાં પ્રતિષ્ઠિત વક્તાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમાં TEPLના સીઈઓ અને એમડી ડૉ. રણધીર ઠાકુર; માઈક્રોન ટેક્નોલૉજીના સીઈઓ શ્રી સંજય મેહરોત્રા; CG સેમીના ચેરમેન શ્રી જી. સી. ચતુર્વેદી; કેન્સ ટેક્નોલૉજીના એક્ઝિક્યુટિવ વાઈસ ચેરમેન શ્રી રમેશ કુન્હીકન્નન; SEMIના સીઈઓ શ્રી અજિત મનોચા; અને જ્યોર્જિયા ટેકના એમેરિટસ પ્રોફેસર ડૉ. રાવ તુમ્માલાનો સમાવેશ થાય છે. તેમની ઉપસ્થિતિ ગુજરાતના સેમિકન્ડક્ટર વિઝનમાં વિશ્વના વધી રહેલા વિશ્વાસને દર્શાવે છે. વડાપ્રધાનશ્રીએ ભારતને અદ્યતન ટેક્નોલૉજી ક્ષેત્રે અગ્રણી બનાવવાનું જે સ્વપ્ન જોયું છે, તેને સાકાર કરવાની દિશામાં આ મહત્વપૂર્ણ પગલું છે. આ પહેલને માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને કેન્સ સેમિકોન જેવી જાણીતી સેમિકન્ડક્ટર કંપનીઓ તેમજ JETRO (જાપાન), KOTRA (કોરિયા), ઈન્વેસ્ટ ઈન્ડિયા, ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન, SEMI, IESA, ELCINA, ICEA અને MEDEPC જેવા નોલેજ પાર્ટનર્સનું સમર્થન મળ્યું છે. તેમની ભાગીદારી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વધી રહેલા આંતરરાષ્ટ્રીય સહયોગ અને રાષ્ટ્રીય પ્રગતિને દર્શાવે છે. ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ એક સીમાચિહ્નરૂપ કાર્યક્રમ બનશે, જે સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતના વિકાસનો પાયો નાખશે.આ કોન્ફરન્સ ટેક્નોલૉજીમાં આત્મનિર્ભરતા માટેના વડાપ્રધાનશ્રીના વિઝન અને ગુજરાતને નવીનતા અને રોકાણનું કેન્દ્ર બનાવવાની મુખ્યમંત્રીશ્રીની પ્રતિબદ્ધતા સાથે સંલગ્ન છે. આ દર્શાવે છે કે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં નેતૃત્વ કરવા માટે તૈયાર છે. આ કોન્ફરન્સની થીમ ('ગુજરાતઃ ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન') સૂચવે છે તેમ, ગુજરાત વૈશ્વિક ચિપ ઉત્પાદકો તેમજ સ્થાનિક ઉદ્યોગો, ઉદ્યોગસાહસિકો અને વિદ્યાર્થીઓનું આ પરિવર્તનકારી તબક્કામાં યોગદાન આપવા માટે સ્વાગત કરે છે.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ આજે રૂ. ૧,૬૭૭ કરોડના અંદાજિત ખર્ચે સૂચિત શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સિવિલ એન્ક્લેવના વિકાસને મંજૂરી આપી છે. તે કાશ્મીર ખીણમાં ઉડ્ડયન માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ સાબિત થશે. પ્રોજેક્ટના કાર્યક્ષેત્રમાં સુરક્ષા કર્મચારીઓ માટે બેરેકના નિર્માણનો પણ સમાવેશ થાય છે. ભારતીય વાયુસેના (IAF) ના બડગામ એરબેઝની અંદર એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત આ એરપોર્ટ, જેને ૨૦૦૫ માં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું, તે શ્રીનગર શહેરથી આશરે ૧૨ કિમી દૂર આવેલું છે. નવીન સિવિલ એન્ક્લેવ પ્રોજેક્ટ, જે ૭૩.૧૮ એકરમાં ફેલાયેલો છે, તેમાં ૭૧,૫૦૦ ચોરસ મીટર (હાલના ૨૦,૬૫૯ ચોરસ મીટરના માળખા સહિત)માં ફેલાયેલું અત્યાધુનિક ટર્મિનલ બિલ્ડિંગ હશે, જે પીક અવર્સ (વધુ ભીડના સમય) દરમિયાન ૨,૯૦૦ મુસાફરો અને વાર્ષિક ૧૦ મિલિયન પેસેન્જર પ્રતિ વર્ષ (MPPA)ની ક્ષમતા પૂરી પાડવા માટે રચાયેલ છે. વિસ્તૃત એપ્રોન 1 widebody (Code E) સહિત ૧૫ એરક્રાફ્ટ પાર્કિંગ બે (૯ હાલના અને ૬ સૂચિત) સમાવી શકશે, જ્યારે 3,658m x 45m રનવેનું સંચાલન IAF દ્વારા ચાલુ રાખવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ૧,૦૦૦ કાર માટે મલ્ટી-લેવલ કાર પાર્કિંગ સુવિધાના નિર્માણનો પણ સમાવેશ થશે. સ્થાપત્યની દૃષ્ટિએ, નવું ટર્મિનલ આધુનિક ડિઝાઈન અને કાશ્મીરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના સુમેળભર્યા મિશ્રણને પ્રતિબિંબિત કરશે, જેમાં જટિલ લાકડાકામ અને સ્થાનિક રીતે પ્રેરિત કારીગરી જેવા પરંપરાગત તત્વોનો સમાવેશ કરવામાં આવશે, જ્યારે સુવ્યવસ્થિત પેસેન્જર પ્રોસેસિંગ એરિયા, વિશાળ લાઉન્જ અને અદ્યતન સુરક્ષા અને ચેક-ઈન સુવિધાઓ દ્વારા કાર્યકારી કાર્યક્ષમતા જાળવી રાખવામાં આવશે. ટકાઉપણું (Sustainability) આ વિકાસનો મુખ્ય આધાર બની રહેશે, જેમાં અદ્યતન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ્સ, ઊર્જા વપરાશ ઘટાડવા માટે કુદરતી પ્રકાશનો મહત્તમ ઉપયોગ અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા માટે સ્થાનિક રીતે મેળવેલા પર્યાવરણને અનુકૂળ સામગ્રીના ઉપયોગ જેવી સુવિધાઓ હશે. આ પ્રોજેક્ટ પ્રતિષ્ઠિત 5-star GRIHA રેટિંગ મેળવવાનું લક્ષ્ય ધરાવે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ ઉપરાંત, આ પ્રોજેક્ટથી ડાલ લેક, શંકરાચાર્ય મંદિર અને મુઘલ ગાર્ડન્સ સહિતના આઈકોનિક આકર્ષણો સાથે કનેક્ટિવિટીમાં સુધારો કરીને પર્યટન અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે, જેનાથી રોજગારીની તકો ઊભી થશે, રોકાણને પ્રોત્સાહન મળશે અને પ્રીમિયર પ્રવાસી અને આર્થિક સ્થળ તરીકે શ્રીનગરની સ્થિતિ મજબૂત થશે. આમ, સિવિલ એન્ક્લેવનો વિકાસ વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિતરિત કરવા તરફનું એક પરિવર્તનકારી પગલું છે, જે મુસાફરો માટે બહેતર સુવિધાઓ અને ઉન્નત કનેક્ટિવિટી પ્રદાન કરે છે, જ્યારે કાશ્મીરના સાંસ્કૃતિક અને કુદરતી વૈભવને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરે છે.

# ભારત વેપાર, વિશ્વાસ અને પરિવર્તનના સેતુ બનાવી રહ્યું છે; વૈશ્વિક વેપારના બે તૃતીયાંશ ભાગ સુધી પ્રેફરન્શિયલ એક્સેસ સુરક્ષિત કરી: કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ

## ભારત FTA આઉટરીચમાં વેગ લાવી રહ્યું છે; ઋઋ વાટાઘાટો શરૂ થઈ, ઇઝરાયેલ અને ચિલી સાથેની ચર્ચાઓ આગળ વધી, કેનેડા સાથેની વાટાઘાટો ટૂંક સમયમાં અપેક્ષિતઃ શ્રી ગોયલ



### પૂરક વિકસિત અર્થતંત્રો સાથે તમામ નવ FTAs પર હસ્તાક્ષર કરવામાં આવ્યા; પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 'રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ' ભારતના વૈશ્વિક વિકાસ વિઝનને એન્કર કરે છેઃ શ્રી ગોયલ

કમલમ્,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે જ્યારે વિશ્વ અનિશ્ચિતતા સાથે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારત "વેપાર, વિશ્વાસ અને પરિવર્તનના સેતુ" બનાવી રહ્યું છે, અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નિષ્કર્ષિત ઉચ્ચ-ગુણવત્તાવાળા મુક્ત વેપાર કરારો (FTAs) ની શ્રેણીને કારણે હવે ભારત વૈશ્વિક વેપારના લગભગ બે તૃતીયાંશ ભાગ સુધી પ્રેફરન્શિયલ ટ્રેડ એક્સેસ ધરાવે છે. ચેન્નાઈમાં પંર CII નેશનલ એક્સપોર્ટ્સ કોમ્પિટિટિવનેસ સમિટને વર્ચ્યુઅલી સંબોધતા, શ્રી ગોયલે રેખાંકિત કર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સહી કરવામાં આવેલા તમામ નવ FTAs વિકસિત અર્થતંત્રો સાથે છે જે ભારતની વિકાસ યાત્રા સાથે સ્પર્ધા કરવાને બદલે પૂરક બને છે. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક અર્થતંત્ર માટે પોતાના દરવાજા ખોલ્યા વિના કોઈ પણ રાષ્ટ્ર વિકસિત બની શકે નહીં, અને ભારતીય અર્થતંત્રને 'રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ' કરવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. શ્રી ગોયલે વેપાર જોડાણની ઝડપી ગતિ પર પ્રકાશ પાડતા નોંધ્યું હતું કે છ કલાકના ગાળામાં મંત્રીએ ત્રણ FTA સંબંધિત ચર્ચાઓમાં ભાગ લીધો હતો. ભારતે મધ્ય પૂર્વમાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) ના છ દેશોના જૂથ સાથે FTA વાટાઘાટો શરૂ કરવા માટે સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કર્યા. તેના ટૂંક સમય બાદ, શ્રી ગોયલે FTA ને અંતિમ રૂપ આપવા અંગેની ચર્ચાઓને આગળ વધારવા માટે ઈઝરાયેલી વાટાઘાટકાર ટીમ સાથે મુલાકાત કરી. મંત્રીએ કહ્યું કે તેઓ ચિલીના સમકક્ષ સાથે પણ ન્યુ-એજ FTA પૂર્ણ કરવા માટે ચર્ચા કરશે જે ભારતને જટિલ ખનિજો (c®iical minerals) સુધી વધુ પહોંચ પૂરી પાડશે. શ્રી ગોયલે વધુમાં જાણ કરી હતી કે કેનેડાના પ્રધાનમંત્રી ટૂંક સમયમાં ભારતની મુલાકાત લે તેવી અપેક્ષા છે, અને બંને પક્ષો આ સપ્તાહના અંતમાં ટર્મ્સ ઓફ રેફરન્સને અંતિમ રૂપ આપવા અને કેનેડા સાથે FTA વાટાઘાટો શરૂ કરવા માટે આશાવાદી છે. મંત્રીએ આ વ્યૂહાત્મક FTAs ના નેટવર્કને વૈવિધ્યસભર વેપાર ભાગીદારી દ્વારા જોખમ ઘટાડવાના (de-risking) ભારતના અભિગમના ભાગ તરીકે વર્ણવ્યું હતું, અને તેને સ્કેલ અને મહત્વાકાંક્ષામાં અભૂતપૂર્વ ગણાવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે મૂર્ત પરિણામો પહેલેથી જ દેખાઈ રહ્યા છે. થોડા વર્ષો પહેલા આ દેશો સાથે FTAs પર હસ્તાક્ષર થયા પછી ઓસ્ટ્રેલિયા અને UAE સાથે વેપાર બમણો થયો છે. શ્રી ગોયલે કહ્યું કે સમિટની થીમ — રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ — એ માત્ર ટેગલાઈન નથી પરંતુ એક જીવંત મંત્ર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારનું મુખ્ય દર્શન છે. તાજેતરમાં લોન્ચ કરાયેલ એક્સપોર્ટ પ્રમોશન મિશનનો ઉલ્લેખ કરતા, શ્રી ગોયલે કહ્યું કે આ પહેલ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને ક્રેડિટની પહોંચમાં સુધારો કરીને, સંચાલન ખર્ચ ઘટાડીને, તેમને આંતરરાષ્ટ્રીય અનુપાલન ધોરણોને પૂર્ણ કરવામાં મદદ કરીને, EU અને અન્ય વિકસિત રાષ્ટ્રો જેવા માગ ધરાવતા બજારોમાં નિકાસને સક્ષમ કરીને અને ભારતની નિકાસ ક્ષમતાને અવરોધતા માળખાગત અવરોધોને સંબોધિત કરીને ટેકો આપવા માટે તૈયાર કરવામાં આવી છે.

શ્રી ગોયલે ભારતની નિકાસ યાત્રામાં પરિવર્તન લાવવા માટે ચાર મુખ્ય માર્ગો દર્શાવ્યા:

પ્રથમ, FTAs ને પાયાના સ્તર (grassroOs) સુધી લઈ જવા, જેમાં વસ્તુઓ, સેવાઓ અને રોકાણોમાં તેમના લાભોના વ્યાપક પ્રસાર અને જાગૃતિ દ્વારા. શ્રી ગોયલે કહ્યું કે આ જાગૃતિ ક્લસ્ટરો, જિલ્લાઓ અને ફેક્ટરીના ફ્લોર સુધી પહોંચવી જોઈએ, જે ટ્રેનર્સની તાલીમ અને દેશભરમાં ભૌતિક આઉટરીચ દ્વારા સમર્થિત હોવી જોઈએ. નીતિ અને નફો બંને કેવી રીતે FTA લાભોના ઉપયોગને વધારશે તે સમજાવતા તેમણે કહ્યું કે, ખાસ કરીને જ્યારે MSMEs સમજે કે ટેરિફમાં ઘટાડો કેવી રીતે નવા બજારો ખોલી શકે છે અને સ્પર્ધાત્મકતા વધારી શકે છે.

બીજું, ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવું, જે બિન-વાટાઘાટપાત્ર જરૂરિયાત છે. મંત્રીએ જણાવ્યું હતું કે ગુણવત્તા એ વૈશ્વિક બજારો માટેનો પાસપોર્ટ છે અને ધોરણો એ અવરોધોને બદલે પ્રવેશ ટિકિટ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું "ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ" (ZED) નું વિઝન, શ્રી ગોયલે કહ્યું કે, દરેક નિકાસકારના DNA બનવું જોઈએ, તેમણે ૨૦૧૪ થી ગુણવત્તા પર પ્રધાનમંત્રીના સતત ભારને યાદ કર્યો હતો.

ત્રીજું, વેલ્યુ ચેઈનમાં ઉપર જવું. શ્રી ગોયલે નિકાસકારોને સ્ટેપ બાય સ્ટેપ પ્રગતિ કરવા વિનંતી કરી — કપાસથી બ્રાન્ડેડ ગારમેન્ટ્સ સુધી, PVC થી ફિનિશ્ડ ઓટો કમ્પોનન્ટ્સ સુધી, સ્ટીલથી ઉચ્ચ-ગુણવત્તાવાળા સંરક્ષણ અથવા એરોસ્પેસ પાર્ટ્સ સુધી, અને APIs થી અદ્યતન ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન સુધી. મંત્રીએ નોંધ્યું હતું કે મૂલ્યવર્ધન (value addition) થી નોકરીઓ વધે છે, માર્જિનમાં સુધારો થાય છે અને ભારતની વૈશ્વિક સ્થિતિ મજબૂત બને છે.

ચોથું, ઉદ્યોગ ભાગીદારી દ્વારા સ્થાનિક નિકાસ ઈકોસિસ્ટમ્સ બનાવવી. શ્રી ગોયલે કોર્પોરેટ ઈન્ડિયા અને ઉદ્યોગ સંગઠનોને જિલ્લાઓ, પંચાયતો અથવા ટાયર-થ્રી અને ટાયર-ફોર શહેરોને દત્તક લેવા, સ્જીસ્ઈજ ને માર્ગદર્શન આપવા અને બેકવર્ડ લિંકેજ બનાવવા માટે આહવાન કર્યું હતું. જ્યારે મોટી કંપનીઓ સમાન ભૌગોલિક વિસ્તારમાં નાના સાહસો સાથે સહયોગ કરે છે, ત્યારે જિલ્લાઓ નિકાસ ઈકોસિસ્ટમમાં વિકસિત થાય છે, જે ટકાઉ સ્પર્ધાત્મક લાભો બનાવે છે.

ભારતની નિકાસ વૃદ્ધિની ગાથાને આત્મવિશ્વાસ, સ્થિતિસ્થાપકતા અને આકાંક્ષાની ગાથા ગણાવતા, શ્રી ગોયલે કહ્યું કે તે ૧૪૦ કરોડ ભારતીયો અને તમામ વ્યવસાયો અને પ્રદેશોના ૧૦–૧૧ કરોડ MSMEs ની છે — પછી તે કાંચીપુરમના વણકર હોય કે ચેન્નાઈના ઉદ્યોગસાહસિક હોય. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારની જવાબદારી તમામ સંભવિત નિકાસકારો માટે સ્પષ્ટ માર્ગો, સુલભ સમર્થન અને વાસ્તવિક તકો સુનિશ્ચિત કરવાની છે. શ્રી ગોયલે અંતમાં ભાર મૂક્યો હતો કે સ્પર્ધાત્મકતા વધારવા માટે ઉચ્ચ ગુણવત્તા અને ઉચ્ચ ઉત્પાદકતા અનિવાર્ય છે, અને ભારતને અગ્રણી નિકાસકાર રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવા માટે સતત સ્પર્ધાત્મકતા પાયાની જરૂરિયાત છે.

# મોડાસાની મ.લા ગાંધી કોલેજમંડળનો ૬૭ મો સ્થાપના દિન આનંદોત્સવ અને માજુમ મુખપત્ર વિમોચન કાર્યક્રમ ઉજવાયો

કમલમ્,

ધી મ. લા .ગાંધી ઉચ્ચતર કેળવણી મોડાસા સંચાલિત પંદર કોલેજો અને એક ઈંગ્લીશ મીડીયમ સ્કુલનો દર વર્ષની જેમ આ વર્ષે મંડળનો સ્થાપના દિન ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ કોલેજ કેમ્પસના ભા. મા. શાહ ઓડિટોરિયમમાં ઉજવવામાં આવ્યો હતો. ૧૯૬૦ થી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સેવારત કોલેજ મંડળ ના ૬૭ માં સ્થાપના દિન માં મહાનુભાવો,સાહિત્યકારો, આચાયશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, નગરના શ્રેષ્ઠિઓ, મંડળના કારોબારી સભ્યો અને શુભેચ્છકોના સાનિધ્યમાં મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ વી.શાહની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો. પધારેલ સૌ મહાનુભાવોનું માનદમંત્રી રમેશભાઈ શાહ એ સ્વાગત કર્યું.આનંદોત્સવમાં સંકુલની વિવિધ પ્રવૃત્તિઓના પરિપાકરૂપ મુખપત્ર માજુમનું વિમોચન સાહિત્યકાર અને ચિંતક સુભાષ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. તેમણે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો આપી પ્રેરક સંબોધન કર્યું.માજુમ મુખપત્રના કન્વીનર તરીકે પ્રિ.અર્પિત જોષી અને પ્રિ.સંજય પટેલે સેવાઓ આપી હતી. મહોત્સવના ઉદ્ઘાટક તરીકે મનોહરસિંહજી જાડેજા, જિલ્લા પોલીસ અધિક્ષક અરવલ્લી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પુસ્તકીયુ જ્ઞાન અને જીવનનો વાસ્તવિક અનુભવ બંને જુદી બાબતો છે. સંઘર્ષ કરતા શીખો અને ચેલેન્જ સ્વીકારતા શીખો વગેરેનું માર્ગદર્શન આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ડૉ. દીપક જોષી ઉપસ્થિત રહ્યા. માજુમ મુખપત્રનું વિમોચન, નિવૃત્ત થયેલ પરિવારજનોનું સન્માન, દાતાશ્રીઓ, વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ અધ્યાપકો આચાર્યો અને નેશનલ ઈન્ટરનેશનલ કક્ષાએ પુરસ્કાર મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન તેમજ આંતર કોલેજ વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના બીજા પડાવમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ



દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમની વિદ્યાર્થીઓ દ્વારા અદભુત રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડોક્ટર શૈલેષભાઈ દવે, ડોક્ટર જયશ્રીબેન પટેલ તથા ડોક્ટર સંતોષ દેવકર દ્વારા કરવામાં આવ્યું હતું. માનદ મંત્રી પરેશભાઈ મહેતા દ્વારા કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી હતી. પૂર્વ પ્રમુખ નવીનભાઈ મોદી, ડૉ. મુકુંદભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી પંકજભાઈ બુટાલા, ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ, ડોક્ટર ઘનશ્યામભાઈ શાહ, જગદીશભાઈ ગાંધી, અરવિંદભાઈ મોદી માનદમંત્રી જયેશભાઈ દોશી, ધીરેનભાઈ પ્રજાપતિ, ધ્રુવકુમાર મહેતા, ડૉ.રાકેશકુમાર મહેતા, પિયુષભાઈ પટેલ વગેરે હોદેદારશ્રીઓએ કાર્યક્રમની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી. ભામાશા ઓડિટોરિયમ હોલ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોથી છલોછલ ભરાયેલ હતો.

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ધોરણ ૧૦ શુભેચ્છા સમારોહ અને ધોરણ ૧૨ વિદાય સમારોહ અંગેનો અહેવાલ



કમલમ્,

શાળા સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર–૧૨, ગાંધીનગર ખાતે ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર અને આનંદપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા અને શાળા સાથે જોડાયેલી યાદો વહેંચી. વિદ્યાર્થીઓના ભાવસભર શબ્દોએ કાર્યક્રમને વિશેષ અર્થપૂર્ણ બનાવ્યો. શાળાના આચાર્યશ્રી શ્રી ભાવેશકુમાર જાની સાહેબ દ્વારા પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. તેમણે મહેનત, શિસ્ત અને આત્મવિશ્વાસના મહત્વ પર ભાર મૂક્યો. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી દિપકભાઈ પુજારા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. ગણિત વિષયના શિક્ષક શ્રી કનુભાઈ જોશી દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા. ધોરણ ૧૦ ની વિદ્યાર્થીનીઓ દ્વારા ભાવસભર વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું, જેના કારણે સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું. કાર્યક્રમના અંતે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. વિશેષરૂપે, ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના તમામ સ્ટાફને એક-એક પેન ભેટરૂપે આપવામાં આવી તથા શાળાને ડિજિટલ ઘડિયાળ અર્પણ કરવામાં આવી, જે તેમના આભાર અને લાગણીનું પ્રતિક છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ ૧૨ ની વિદ્યાર્થીની કું. ધારા રબારીએ સફળતાપૂર્વક કર્યું હતું આ રીતે શુભેચ્છા અને વિદાયસમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો અને સૌના મનમાં યાદગાર પળો છોડી ગયો.

# કેબિનેટે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સિવિલ એક્લેવના વ્યાપક વિસ્તરણને મંજૂરી આપી

## જમ્મુ અને કાશ્મીરમાં ઉડ્ડયન માટે એક નવો યુગ



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ આજે રૂ. ૧,૬૭૭ કરોડના અંદાજિત ખર્ચે સૂચિત શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સિવિલ એન્ક્લેવના વિકાસને મંજૂરી આપી છે. તે કાશ્મીર ખીણમાં ઉડ્ડયન માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ સાબિત થશે. પ્રોજેક્ટના કાર્યક્ષેત્રમાં સુરક્ષા કર્મચારીઓ માટે બેરેકના નિર્માણનો પણ સમાવેશ થાય છે. ભારતીય વાયુસેના (IAF) ના બડગામ એરબેઝની અંદર એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત આ એરપોર્ટ, જેને ૨૦૦૫ માં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું, તે શ્રીનગર શહેરથી આશરે ૧૨ કિમી દૂર આવેલું છે. નવીન સિવિલ એન્ક્લેવ પ્રોજેક્ટ, જે ૭૩.૧૮ એકરમાં ફેલાયેલો છે, તેમાં ૭૧,૫૦૦ ચોરસ મીટર (હાલના ૨૦,૬૫૯ ચોરસ મીટરના માળખા સહિત)માં ફેલાયેલું અત્યાધુનિક ટર્મિનલ બિલ્ડિંગ હશે, જે પીક અવર્સ (વધુ ભીડના સમય) દરમિયાન ૨,૯૦૦ મુસાફરો અને વાર્ષિક ૧૦ મિલિયન પેસેન્જર પ્રતિ વર્ષ (MPPA)ની ક્ષમતા પૂરી પાડવા માટે રચાયેલ છે. વિસ્તૃત એપ્રોન 1 widebody (Code E) સહિત ૧૫ એરક્રાફ્ટ પાર્કિંગ બે (૯ હાલના અને ૬ સૂચિત) સમાવી શકશે, જ્યારે 3,658m x 45m રનવેનું સંચાલન IAF દ્વારા ચાલુ રાખવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ૧,૦૦૦ કાર માટે મલ્ટી-લેવલ કાર પાર્કિંગ સુવિધાના નિર્માણનો પણ સમાવેશ થશે. સ્થાપત્યની દૃષ્ટિએ, નવું ટર્મિનલ આધુનિક ડિઝાઈન અને કાશ્મીરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના સુમેળભર્યા મિશ્રણને પ્રતિબિંબિત કરશે, જેમાં જટિલ લાકડાકામ અને સ્થાનિક રીતે પ્રેરિત કારીગરી જેવા પરંપરાગત તત્વોનો સમાવેશ કરવામાં આવશે, જ્યારે સુવ્યવસ્થિત પેસેન્જર પ્રોસેસિંગ એરિયા, વિશાળ લાઉન્જ અને અદ્યતન સુરક્ષા અને ચેક-ઈન સુવિધાઓ દ્વારા કાર્યકારી કાર્યક્ષમતા જાળવી રાખવામાં આવશે. ટકાઉપણું (Sustainability) આ વિકાસનો મુખ્ય આધાર બની રહેશે, જેમાં અદ્યતન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ્સ, ઊર્જા વપરાશ ઘટાડવા માટે કુદરતી પ્રકાશનો મહત્તમ ઉપયોગ અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા માટે સ્થાનિક રીતે મેળવેલા પર્યાવરણને અનુકૂળ સામગ્રીના ઉપયોગ જેવી સુવિધાઓ હશે. આ પ્રોજેક્ટ પ્રતિષ્ઠિત 5-star GRIHA રેટિંગ મેળવવાનું લક્ષ્ય ધરાવે છે.

# ડીસા નગરપાલિકા દ્વારા સ્વદેશી ફેસ્ટિવલ મેળો સરદાર બાગ ખાતે ખુલો મુકાયો

કમલમ્,આનંદ ઠક્કર ડીસા

ડીસા નગરપાલિકા વિવિધ શહેરી વિકાસ ને નગરપાલિકા પ્રમુખ નીતાબેન નિલેશભાઈ ઠક્કર પ્રાધાન્ય આપ્યું છે ત્યારે આજરોજ સરદાર પટેલ બાગ ખાતે ડીસા ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરી ડીસા માં બહેનો દ્વારા સ્વદેશી વસ્તુ નું વેચાણ કરી આત્મનિર્ભર બહેનો ને પ્રોત્સાહન કરવાનું કાર્ય ડીસા નગરપાલિકા દ્વારા કરવા માં આવ્યું આ મેળા દ્વારા આપણા વડા પ્રધાન નરેન્દ્રભાઈ નું વિઝન લોકલ ટુ વોકલ અને આત્મનિર્ભર બહેનો ને પ્રોત્સાહન આપતો આ મેળો શરૂ કરવામાં આવેલ છે આ કાર્યક્રમ માં ભારત ના પૂર્વ સંસદ રાજ્ય સભા દિનેશભાઈ અનાવાડિયા ડીસા નગરપાલિકા પ્રમુખ નીતાબેન નિલેશભાઈ ઠક્કર દ્વારા આ મેળાને રીબીન તેમજ દીપ પ્રાગટ્ય કરી ખુલો મુકાયો હતો જેમાં ડીસા નગરપાલિકા ચીફ ઓફિસર ચંદ્રકાંત ભાઈ દેસાઈ ડીસા નગરપાલિકા ઉપ પ્રમુખ શૈલેષભાઈ રાયગોર ડીસા શહેર ભાજપ પ્રમુખ વર્ષાબેન પટેલ રીટાબેન પટેલ ચેતનાબેન ઠકકર કિરણબેન રાવલ જયશ્રીબેન શ્રોફ ઉષા બેન મેવાડા રમેશભાઈ મેવાડા નરસિંહ ભાઈ વાઢેર રમેશભાઈ દેલવાડિયા રાશિકજી ઠાકોર કનુભાઈ જોશી અશોક પટેલ નિલેશભાઈ ઠક્કર ચેતન ત્રિવેદી રવિ ઠકકર અમિત રાજગોર વગેરે હાજર રહી તમામ મેળા માં કરેલ સ્ટોલ ધારકો ને પ્રોત્સાહન આપેલ અને ખરીદી કરેલ આ મેળો ૨૫/૨ થી ૬/૩ સુધી એટલે ૧૦ દિવસ ચાલસે અને ડીસા શહેર અને તાલુકા ના પરિવારોને સ્વદેશી ખરીદવા તેમજ પ્રોત્સાહન આપવા નીતાબેન નિલેશભાઈ ઠક્કર પ્રમુખ શ્રી એ અપીલ કરેલ હતી .



# કર્મચારી રાજય વીમા નિગમના ૭૫મા સ્થાપના દિવસ (૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬)ની ઉજવણી નિમિત્તે સેમિનારનું આયોજન





કમલમ્,

ક.રા.વી.નિગમ પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ (શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર) તેના સ્થાપના દિવસની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે ૨૪ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ, ૨૦૨૬ દરમિયાન "વિશેષ સેવા પખવાડિયા"નું આયોજન કરી રહ્યું છે. આ પખવાડિયા દરમિયાન, ગુજરાત પ્રદેશમાં તમામ ક.રા.વી.નિગમ કાર્યાલયો વીમાધારક વ્યક્તિઓ/લાભાર્થીઓ/શ્રમદારોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે ખાસ ઝુંબેશ ચલાવી રહ્યા છે. નોંધનીય છે કે કર્મચારી રાજ્ય વીમા યોજના દેશમાં સૌપ્રથમ ૨૪ ફેબ્રુઆરી, ૧૯૫૨ ના રોજ દિલ્હી અને કાનપુરમાં લાગુ કરવામાં આવી હતી. આ યોજના સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં સમર્પિત સેવાના ૭૫ વર્ષ પૂર્ણ કરી રહી છે.

આ સંદર્ભમાં, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદ સ્થિત મહાત્મા ગાંધી શ્રમિક સંસ્થાન ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની અધ્યક્ષતા ક.રા.વી.નિગમ, ગુજરાતના પ્રાદેશિક નિયામક શ્રી હેમંત કુમાર પાંડેએ કરી હતી. આ સેમિનારમાં ક.રા.વી.નિગમ ના સભ્ય શ્રીમતી મનાલી શાહ; મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાના મહાનિર્દેશક શ્રી પ્રવિણભાઈ કે. સોલંકી, IAS; ભારતીય મઝદૂર સંઘ, ગુજરાતના મહામંત્રી શ્રી ગિરીશભાઈ પટેલ; રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી નરેન્દ્રકુમાર વી. પાંચાણી; અને ટાટા મોટર્સ અમદાવાદના પ્લાન્ટ હેડ શ્રી સંદીપ કુમાર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી થઈ હતી. આ પ્રસંગે ટ્રેડ યુનિયનના પ્રતિનિધિઓ અને મજૂર સંગઠન/પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોએ આશ્રિત લાભો અને કાયમી અપંગતા લાભોના લાભાર્થીઓને પેન્શન સ્વીકૃતિ પત્રો અર્પણ કર્યા હતા, અને ક.રા.વી.નિગમ ના પેન્શનરોનું પણ સન્માન કર્યું હતું. આ પ્રસંગે, માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ કર્મચારી રાજ્ય વીમા નિગમના ૭૫મા સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી અને વીમાધારકો/લાભાર્થીઓને સંબોધન કર્યું. અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોએ પણ સભાને સંબોધન કર્યું અને પોતાના વિચારો શેર કર્યા. તેમના સંબોધનમાં, પ્રાદેશિક નિયામકે જણાવ્યું કે ક.રા.વી. કાર્યાલય તેના વીમાધારકો અને લાભાર્થીઓ માટે સંપૂર્ણપણે સમર્પિત છે. તેમણે સામાજિક સુરક્ષા સંહિતા, 2020 (CoSS)ની જોગવાઈઓ સમજાવી અને જણાવ્યું કે આનાથી લાભાર્થીઓને વધુ લાભ મળશે. કાર્યક્રમના અંતે, તેમણે બધા મહેમાનો અને સભાનો આભાર માન્યો.

# ગુજરાતના શહેરોમાં સ્વદેશી મેળાઓના આયોજનથી 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન






કમલમ્,ગાંધીનગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે 'વોકલ ફોર લોકલ' મંત્રને અનુસરીને દેશના નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા માટે આહ્વાન કર્યું છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી કારીગરો, હસ્તકલાકારો અને નાના ઉદ્યોગોને ટેકો આપવા માટે અનેક નવી પહેલો હાથ ધરી છે. 'ગુજરાત આત્મનિર્ભર યાત્રા', 'જી-મૈત્રી યોજના', 'મહિલા ઉદ્યોગ સહાય યોજના' જેવા કાર્યક્રમો દ્વારા રાજયમાં સ્વદેશી ઉત્પાદનોને નવી ઊર્જા મળી રહી છે. આ ઉપરાંત, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના થકી સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથો અને નાના વેપારીઓને એક મજબૂત પ્લેટફોર્મ મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગત દશેરાથી દિવાળી દરમિયાન રાજ્યના ૧૬ શહેરોમાં પ્લાસ્ટિક ફ્રી "સ્વદેશી ફેસ્ટિવલ"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાઓની ૪૦.૫૦ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી અને ૧૦ કરોડથી વધુનું વેચાણ નોંધાયું હતું. આ સફળતાને આગળ વધારતાં હવે રાજ્યની તમામ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું આયોજન કરવામાં આવ્યું છે, જેના દ્વારા સ્વસહાય જૂથો (SHG), સ્થાનિક કારીગરો, કલાકારો અને નાના વેપારીઓને પોતાની સ્વદેશી ચીજવસ્તુઓ પ્રદર્શિત અને વેચાણ કરવાની ઉત્તમ તક મળશે.

**૧૫ માર્ચ સુધીમાં રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાઓ યોજાશે**

૧૫ માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યની તમામ ૧૫૨ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન હેઠળ ૧૫૦૦થી વધુ સ્ટોલ સ્વસહાય જૂથોને ફાળવવામાં આવ્યા છે, જ્યારે શેરી ફેરીયાઓને ૧૪૦૦થી વધુ સ્ટોલ આપવામાં આવ્યા છે. ખાણીપીણી માટે ૧૨૦૦ સ્ટોલ તૈયાર કરવામાં આવી રહ્યા છે અને અન્ય કારીગરોને પોતાની સ્વદેશી ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટે ૧૬૫૦થી વધુ સ્ટોલ ફાળવવામાં આવ્યા છે.

**અત્યાર સુધીમાં ૩૮ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાનો પ્રારંભ, ૮૩ લાખથી વધુનું વેચાણ થયું**

રાજયમાં અત્યાર સુધીમાં ૩૮ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળા શરૂ કરવામાં આવ્યા છે, જેમાં અમદાવાદ, ભાવનગર, ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરા ઝોનની વિવિધ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. આ દરમિયાન ૧ લાખથી વધુ લોકોએ સ્વદેશી મેળાની મુલાકાત લીધી છે અને ૮૩ લાખથી વધુનું વેચાણ થયું છે. આ સફળતા દર્શાવે છે કે નાગરિકો વોકલ ફોર લોકલ પહેલ સાથે ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. આ સ્વદેશી મેળાઓ માત્ર વેપાર માટેનું પ્લેટફોર્મ નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા માટે નોંધનીય પ્રયાસ છે.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્રઢપણે માને છે કે, સ્વદેશી અને આત્મનિર્ભર ભારત એ વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે. તેને અનુસરીને ગુજરાત સરકાર આવનારા સમયમાં દેશનો પ્રત્યેક નાગરિક 'વોકલ ફોર લોકલ'નો વાહક બને અને દરેક નાગરિક સ્વદેશીના મંત્રને અનુસરે એ માટે સતત પ્રયાસો કરી રહી છે.

# કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)એ 75th સ્થાપના વર્ષની ઉજવણી શરૂ કરી

## સ્વાસ્થ્ય અમારું મિશન છે અને સેવા અમારી પરંપરા છેઃ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા












## ESIC એ સ્વાસ્થ્ય સુરક્ષાના વૈશ્વિક ઉદાહરણ તરીકે ઉભરવું જોઈએઃ ડો. માંડવિયા

કમલમ્,

કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) એ આજે ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે તેની સેવાના ૭૫મા વર્ષની ઉજવણીની શરૂઆત કરી છે, જે દેશભરના શ્રમિકો અને તેમના પરિવારો માટે સાત દાયકાથી વધુની સમર્પિત સેવાને ચિહ્નિત કરે છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આ કાર્યક્રમમાં મુખ્ય સંબોધન આપ્યું હતું. આ પ્રસંગે શ્રી એન. કે. પ્રેમચંદ્રન, સંસદ સભ્ય (લોકસભા), સુશ્રી વંદના ગુરનાની, સચિવ, શ્રમ અને રોજગાર મંત્રાલય; શ્રી રમેશ કૃષ્ણમૂર્તિ, સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO); સુશ્રી મિચિકો મિયામોટો, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) ના દક્ષિણ એશિયા માટેના ડિસેન્ટ વર્ક ટેકનિકલ સપોર્ટ ટીમ અને ભારત માટેની કન્ટ્રી ઓફિસના ડાયરેક્ટર, અને શ્રમ અને રોજગાર મંત્રાલય, ESIC અને EPFO ના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા, ડૉ. મનસુખ માંડવિયાએ આ સંસ્થાની સફરને વિકાસ, સુધારા અને રાષ્ટ્રની સેવાના નોંધપાત્ર ઉદાહરણ તરીકે વર્ણવી હતી. તેમણે નોંધ્યું હતું કે ESIC એ તેની સફર ૧૯૫૨ માં લગભગ ૧.૨ લાખ લાભાર્થીઓ અને એકમાત્ર ડિસ્પેન્સરી સાથે શરૂ કરી હતી, અને આજે તે ૧૬૬ હોસ્પિટલો, ૧૭ મેડિકલ કોલેજો અને લગભગ ૧,૬૦૦ ડિસ્પેન્સરીઓના વિશાળ નેટવર્ક દ્વારા ૧૫ કરોડથી વધુ લાભાર્થીઓને સેવા આપવા માટે વિસ્તરી છે. ESIC ના ઉત્ક્રાંતિને બાળકના પુખ્ત અને સમાજના જવાબદાર સભ્ય તરીકેના વિકાસ સાથે સરખાવતા, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સંસ્થાએ બદલાતા સમયના પ્રતિભાવમાં સતત સુધારો કર્યો છે અને પોતાને મજબૂત બનાવી છે, જે આજે દેશમાં સામાજિક સુરક્ષાના મજબૂત સ્તંભ તરીકે ઉભરી આવી છે. સફળતા મેળવવા માટે પ્રતિબદ્ધતા અને નિશ્ચયના મહત્વ પર ભાર મૂકતા, ડૉ. માંડવિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ESIC એ 'રિફોર્મ-એન્ડ-પર્ફોર્મ'અભિગમ અપનાવવાનું ચાલુ રાખવું જોઈએ અને સેવા વિતરણમાં વધુ સુધારો કરવા માટે તેના ૭૫મા વર્ષમાં સામૂહિક "સંકલ્પ" લેવા જોઈએ. તમામ હોસ્પિટલોમાં દવાઓ, સાધનો અને ડોક્ટરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા, તેમણે ઈન-હાઉસ સુવિધાઓને મજબૂત કરીને રેફરલ્સ (બીજી હોસ્પિટલમાં મોકલવા) ઘટાડવા અને સ્ટાફ સભ્યો તેમની ફરજો પૂરી નિષ્ઠા સાથે બજાવે તે સુનિશ્ચિત કરવા આહવાન કર્યું હતું. તેમણે રેખાંકિત કર્યું કે ભારતમાં, "સ્વાસ્થ્ય હી સેવા હૈ, ઔર સેવા હી હમારા સંસ્કાર હૈ" ("સ્વાસ્થ્ય અમારું મિશન છે, અને સેવા અમારી પરંપરા છે") અને તમામ તબીબી વ્યવસાયિકો અને અધિકારીઓને શિસ્ત જાળવી રાખવા અને આપણા દેશના લોકોના વિશ્વાસનું સન્માન કરવા વિનંતી કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ESIC ના ધોરણો ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS) જેવી અગ્રણી સંસ્થાઓ સાથે મેળ ખાતા હોવા જોઈએ. કેન્દ્રીય મંત્રીએ લેબર કોડ્સમાં ૪૦ વર્ષથી વધુ ઉંમરના તમામ શ્રમિકો માટે ફરજિયાત આરોગ્ય તપાસની જોગવાઈ પર પ્રકાશ પાડ્યો હતો, અને નોંધ્યું હતું કે આ શ્રમિકોના કલ્યાણને મજબૂત કરવામાં અને સુરક્ષિત વર્કફોર્સ બનાવવામાં ફાળો આપશે. તેમના સંબોધનના અંતે, ડૉ. માંડવિયાએ તમામ હિતધારકોને ESIC ને સ્વાસ્થ્ય સુરક્ષાનું વૈશ્વિક ઉદાહરણ બનાવવા માટે સામૂહિક રીતે કામ કરવા આહવાન કર્યું હતું, અને રેખાંકિત કર્યું હતું કે સામૂહિક પ્રયાસ, સમર્પણ અને ટીમવર્ક દ્વારા "ન્યૂ ભારત" નું નિર્માણ થઈ રહ્યું છે. તેમના સંબોધનમાં, સચિવ (શ્રમ અને રોજગાર), સુશ્રી વંદના ગુરનાનીએ જણાવ્યું હતું કે છેલ્લા ૭૫ વર્ષોમાં, ESIC દિન-પ્રતિદિન મજબૂત બની છે અને ભારતના સામાજિક સુરક્ષા માળખાના પાયાના પથ્થર તરીકે ઉભરી આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વસ્થ, સુરક્ષિત અને સંતુષ્ટ વર્કફોર્સ સ્વાભાવિક રીતે વધુ ઉત્પાદક હોય છે અને રાષ્ટ્રના આર્થિક વિકાસમાં વધુ અસરકારક રીતે ફાળો આપે છે. તેમણે રેખાંકિત કર્યું કે વીમાધારક વ્યક્તિ (IP) ની સારવારમાં, ESIC માત્ર રોગને જ સંબોધિત નથી કરતી, પરંતુ ગરીબીને અટકાવે છે, પરિવારોના કમાનાર સભ્યોનું રક્ષણ કરે છે અને તે રીતે રાષ્ટ્ર નિર્માણમાં સક્રિયપણે યોગદાન આપે છે. દરેક વીમાધારક વ્યક્તિને ગરિમા અને સન્માન સાથે આરોગ્યસંભાળ પૂરી પાડવી જોઈએ તે પર ભાર મૂકતા, તેમણે વધુમાં જણાવ્યું હતું કે લેબર કોડ્સના અમલીકરણ સાથે, ESIC ની જવાબદારીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. આમાં સમગ્ર ભારતમાં કવરેજ, અસંગઠિત અને ગિગ શ્રમિકો સુધી સામાજિક સુરક્ષા લાભોનું વિસ્તરણ, અને ESIC સુવિધાઓ દ્વારા ૪૦ વર્ષથી વધુ ઉંમરના શ્રમિકો માટે વાર્ષિક આરોગ્ય તપાસની જોગવાઈનો સમાવેશ થાય છે. તેમણે મલેશિયા ખાતે સામાજિક સુરક્ષા વહીવટમાં શ્રેષ્ઠતા માટે ભારતને મળેલ પ્રતિષ્ઠિત ISSA માન્યતાનો પણ ઉલ્લેખ કર્યો હતો, અને નોંધ્યું હતું કે આ સિદ્ધિમાં ESIC એ મહત્વની ભૂમિકા ભજવી છે. પ્લેટિનમ જ્યુબિલીની માન્યતામાં, ESIC@75 અંકિત મૂલ્યનો એક સ્મારક સિક્કો ઔપચારિક રીતે બહાર પાડવામાં આવ્યો હતો, જે રાષ્ટ્રની સેવાના નિગમની નોંધપાત્ર ૭૫-વર્ષની સફરનું પ્રતીક છે, સાથે જ તેની વિરાસત, સીમાચિહ્નો અને પરિવર્તનકારી પહેલો દર્શાવતી ESIC@75 કોફી ટેબલ બુક પણ લોન્ચ કરવામાં આવી હતી. આઉટરીચ મજબૂત કરવા અને આરોગ્યસંભાળ સેવાઓને લાભાર્થીઓની નજીક લાવવા માટે સ્વાસ્થ્ય રથ પહેલ પણ શરૂ કરવામાં આવી હતી. વધુમાં, નિવારક આરોગ્યસંભાળને પ્રોત્સાહન આપવા અને ૪૦ વર્ષ અને તેથી વધુ વયના શ્રમિકોમાં વ્યવસાયિક રોગોની વહેલી ઓળખની સુવિધા માટે લેબર કોડ્સની જોગવાઈઓ મુજબ વાર્ષિક આરોગ્ય તપાસ શિબિરો શરૂ કરવામાં આવી હતી. આરોગ્યસંભાળ વિતરણને મજબૂત કરવા અને ગુણવત્તાયુક્ત સેવાઓની પહોંચ વિસ્તારવા માટે, નેશનલ હેલ્થ ઓથોરિટી અને કર્મચારી રાજ્ય વીમા નિગમ વચ્ચે ESI યોજનાને આયુષ્માન ભારત - પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY) સાથે જોડવા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ MoU પર શ્રી સંજય મહેરિષી, સંયુક્ત સચિવ, NHA, અને શ્રી અશોક કુમાર, ડાયરેક્ટર જનરલ, ESIC દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ESIC આરોગ્યસંભાળ સુવિધાઓમાં ગુણવત્તાની ખાતરી અને માન્યતાને પ્રોત્સાહન આપવા માટે ESIC અને નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (NABL) વચ્ચે અન્ય એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. લેબોરેટરી સેવાઓને મજબૂત કરવા અને રાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે ડૉ. રામાનંદ એન. શુક્લા, CEO, NABL, અને ડૉ. આર. શ્રીનિવાસન, મેડિકલ કમિશનર (MS), ESIC દ્વારા આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, કર્મચારી રાજ્ય વીમા નિગમના ઉત્કૃષ્ટ ફીલ્ડ ફોર્મેશન અને તબીબી સંસ્થાઓને શ્રેષ્ઠ પ્રદર્શન પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કારો દેશભરમાં સેવા વિતરણ અને આરોગ્યસંભાળ વહીવટમાં શ્રેષ્ઠતા પ્રત્યેની ESIC ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. કાર્યક્રમ દરમિયાન ESIC ના ઉદભવ અને ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરતું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં શ્રમ કલ્યાણ અને સામાજિક સુરક્ષામાં તેના યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેમાં લેબર કોડ્સ હેઠળ ESIC ની ભવિષ્ય માટેની તૈયાર ભૂમિકા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં વિસ્તૃત કવરેજ, સુધારેલ સેવા વિતરણ અને મજબૂત સામાજિક સુરક્ષા માળખા માટે ટેકનોલોજી આધારિત પરિવર્તન પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં "રીચિંગ ધ અનરીચ્ડ – ન્યૂ વિસ્ટાસ અંડર ધ કોડ ઓન સોશિયલ સિક્યોરિટી" અને "ન્યૂ મોડલ્સ ફોર સ્કેલેબિલિટી એન્ડ રીચ ઓફ મેડિકલ કેર" વિષયો પર બે પેનલ ચર્ચા યોજાઈ હતી. પ્રથમ સત્રમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન, વી. વી. ગિરી નેશનલ લેબર ઈન્સ્ટિટ્યૂટ અને કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના નિષ્ણાતો સામાજિક સુરક્ષા કવરેજને વિસ્તારવા અને મજબૂત કરવા પર વિચાર-વિમર્શ કરવા માટે એકસાથે આવ્યા હતા. બીજા સત્રમાં, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, કર્મચારી રાજ્ય વીમા નિગમ અને વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે સંકળાયેલા પ્રતિષ્ઠિત વ્યાવસાયિકોએ આરોગ્યસંભાળ સેવાઓની પહોંચ, સુલભતા અને ગુણવત્તા વધારવા માટે નવીન અને સ્કેલેબલ મોડલ્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. કર્મચારી રાજ્ય વીમા નિગમ ૨૪ ફેબ્રુઆરી થી ૧૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન તેની તમામ ફીલ્ડ ઓફિસો, હોસ્પિટલો અને તબીબી સંસ્થાઓમાં દેશભરમાં 'સ્પેશિયલ સર્વિસ ફોર્ટનાઈટ' (વિશેષ સેવા પખવાડિયું) મનાવશે. આ પહેલનો ઉદ્દેશ્ય આઉટરીચ વધારવાનો અને વીમાધારક શ્રમિકોની નજીક આરોગ્યસંભાળ, સામાજિક સુરક્ષા અને કલ્યાણકારી સેવાઓ લાવવાનો છે. પ્રવૃત્તિઓમાં સેમિનાર, જાગૃતિ અને સ્વચ્છતા શિબિરો, બેઝિક લાઈફ સપોર્ટ તાલીમ, સ્વચ્છતા અભિયાન અને લેબર કોડની જોગવાઈઓ મુજબ વ્યવસાયિક રોગોની વહેલી ઓળખ માટે ૪૦ વર્ષ અને તેથી વધુ વયની વીમાધારક વ્યક્તિઓ માટે દૈનિક આરોગ્ય તપાસ શિબિરોનો સમાવેશ થશે. સેવા વિતરણ અને લાભાર્થીઓના સંતોષને મજબૂત કરવા માટે નિવારક સ્ક્રિનિંગ, યોગ અને આયુષ કેમ્પ, ફરિયાદ નિવારણ સત્રો અને પેન્ડિંગ દાવાઓ અને બિલોના ઝડપી નિકાલ માટેના વિશેષ અભિયાનો પણ હાથ ધરવામાં આવશે. દર વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવતો, ESIC ફાઉન્ડેશન ડે શ્રમિકો માટે ભારતના પ્રારંભિક સામાજિક સુરક્ષા કાયદાઓમાંના એક, કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ હેઠળ ૧૯૫૨ માં કર્મચારી રાજ્ય વીમા નિગમની સ્થાપનાની યાદ અપાવે છે. કાનપુર અને દિલ્હીમાં શરૂ થયેલી, ESI યોજના ત્યારથી ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૭૧૩ જિલ્લાઓમાં વિસ્તરી છે, જે લાખો લાભાર્થીઓને આરોગ્યસંભાળ અને નાણાકીય સુરક્ષા પૂરી પાડીને સામાજિક સુરક્ષાના પાયાના પથ્થર તરીકે ઉભરી આવી છે. ૭૫મા સ્થાપના દિવસની ઉજવણી શ્રમિક કલ્યાણ પ્રત્યે ESIC ની અડગ પ્રતિબદ્ધતા અને આધુનિક, કરુણાપૂર્ણ અને પ્રતિભાવશીલ સામાજિક સુરક્ષા સંસ્થા તરીકે તેના સતત વિકાસની પુષ્ટિ કરે છે. છેલ્લા ૭૫ વર્ષોમાં, ESIC એ વ્યાપક તબીબી સંભાળ, રોકડ લાભો, પેન્શન અને માંદગી, માતૃત્વ, અપંગતા, રોજગાર દરમિયાન ઈજા અને બેરોજગારી દરમિયાન સહાય પૂરી પાડીને ભારતના સામાજિક સુરક્ષા પરિદ્રશ્યમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે — જેના દ્વારા તે વિકસિત ભારત માટે સ્વસ્થ, સુરક્ષિત અને સશક્ત વર્કફોર્સના વિઝનમાં યોગદાન આપી રહ્યું છે.

# ગુજરાતના શહેરોમાં સ્વદેશી મેળાઓના આયોજનથી 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન



કમલમ્,ગાંધીનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે 'વોકલ ફોર લોકલ' મંત્રને અનુસરીને દેશના નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા માટે આહ્વાન કર્યું છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી કારીગરો, હસ્તકલાકારો અને નાના ઉદ્યોગોને ટેકો આપવા માટે અનેક નવી પહેલો હાથ ધરી છે. 'ગુજરાત આત્મનિર્ભર યાત્રા', 'જી-મૈત્રી યોજના', 'મહિલા ઉદ્યોગ સહાય યોજના' જેવા કાર્યક્રમો દ્વારા રાજ્યમાં સ્વદેશી ઉત્પાદનોને નવી ઊર્જા મળી રહી છે. આ ઉપરાંત, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના થકી સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથો અને નાના વેપારીઓને એક મજબૂત પ્લેટફોર્મ મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગત દશેરાથી દિવાળી દરમિયાન રાજ્યના ૧૬ શહેરોમાં પ્લાસ્ટિક ફ્રી "સ્વદેશી ફેસ્ટિવલ"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાઓની ૪૦.૫૦ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી અને ૧૦ કરોડથી વધુનું વેચાણ નોંધાયું હતું. આ સફળતાને આગળ વધારતાં હવે રાજ્યની તમામ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું આયોજન કરવામાં આવ્યું છે, જેના દ્વારા સ્વસહાય જૂથો (SHG), સ્થાનિક કારીગરો, કલાકારો અને નાના વેપારીઓને પોતાની સ્વદેશી ચીજવસ્તુઓ પ્રદર્શિત અને વેચાણ કરવાની ઉત્તમ તક મળશે.

**૧૫ માર્ચ સુધીમાં રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાઓ યોજાશે**

૧૫ માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યની તમામ ૧૫૨ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન હેઠળ ૧૫૦૦થી વધુ સ્ટોલ સ્વસહાય જૂથોને ફાળવવામાં આવ્યા છે, જ્યારે શેરી ફેરીયાઓને ૧૪૦૦થી વધુ સ્ટોલ આપવામાં આવ્યા છે. ખાણીપીણી માટે ૧૨૦૦ સ્ટોલ તૈયાર કરવામાં આવી રહ્યા છે અને અન્ય કારીગરોને પોતાની સ્વદેશી ચીજવસ્તુઓનું વેચાણ કરવા માટે ૧૬૫૦થી વધુ સ્ટોલ ફાળવવામાં આવ્યા છે.

**અત્યાર સુધીમાં ૩૮ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાનો પ્રારંભ, ૮૩ લાખથી વધુનું વેચાણ થયું**

રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૮ નગરપાલિકાઓમાં સ્વદેશી મેળા શરૂ કરવામાં આવ્યા છે, જેમાં અમદાવાદ, ભાવનગર, ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરા ઝોનની વિવિધ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. આ દરમિયાન ૧ લાખથી વધુ લોકોએ સ્વદેશી મેળાની મુલાકાત લીધી છે અને ૮૩ લાખથી વધુનું વેચાણ થયું છે. આ સફળતા દર્શાવે છે કે નાગરિકો વોકલ ફોર લોકલ પહેલ સાથે ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. આ સ્વદેશી મેળાઓ માત્ર વેપાર માટેનું પ્લેટફોર્મ નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા માટે નોંધનીય પ્રયાસ છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્રઢપણે માને છે કે, સ્વદેશી અને આત્મનિર્ભર ભારત એ વિકસિત ભારતના નિર્માણનો રાજમાર્ગ છે. તેને અનુસરીને ગુજરાત સરકાર આવનારા સમયમાં દેશનો પ્રત્યેક નાગરિક 'વોકલ ફોર લોકલ'નો વાહક બને અને દરેક નાગરિક સ્વદેશીના મંત્રને અનુસરે એ માટે સતત પ્રયાસો કરી રહી છે.

# "સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે "SPIRIT-2026" ઈન્ટર કોલેજ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટનું ભવ્ય અને ઉત્સાહભેર ઉદ્ઘાટન સમારોહ યોજાયો."



કમલમ્,

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ "SPIRIT-2026" ઈન્ટર કોલેજ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટનું ભવ્ય અને ઉત્સાહભેર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ દ્વારા આયોજિત આ વિશાળ કક્ષાના સ્પોર્ટ્સ મહોત્સવમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. જે તારીખ ૨૪ ફેબ્રુઆરી થી લઈને ૧૦ માર્ચ સુધી કુલ આઠ રમતોમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે,

જેમાં આઉટડોર ગેમ્સમાં ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, ફૂટબોલ અને ટગ ઓફ વોર તેમજ ઈન્ડોર ગેમ્સમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને ચેસમાં છોકરાઓ તથા છોકરીઓ બંને કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાશે. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે તાજેતરમાં અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા ટીમના યુવા ક્રિકેટર શ્રી ખીલન પટેલ અને શ્રી વેદાંત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના સંબોધનમાં અંડર-૧૯ ઈન્ડિયન ક્રિકેટ ટીમ સુધીની પોતાની પ્રેરણાદાયક સફરની વાતો શેર કરી હતી અને વિદ્યાર્થીઓને ફિટનેસ, મહેનત, શિસ્ત અને લગન દ્વારા સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે પોતાના પ્રવચનમાં રમતગમતના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ સહિતની રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં વધુમાં વધુ ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે તેમણે યુનિવર્સિટીમાં ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ, અનુભવી ફેકલ્ટી અને વિકસતી રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને તેનો વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણીએ પોતાના પ્રેરણાદાયક સંબોધનમાં જીવનમાં રમતગમતના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રમતગમત માત્ર શારીરિક તંદુરસ્તી જ નહીં, પરંતુ શિસ્ત, ટીમ વર્ક, નેતૃત્વ અને સકારાત્મક સ્પર્ધાત્મક ભાવનાનો વિકાસ કરે છે, જે વિદ્યાર્થી જીવનને સશક્ત બનાવે છે. ઉપરાંત, આ પ્રસંગે યુનિવર્સિટીમાં નિર્માણાધીન અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ "એસ.પી.યુ. સ્પોર્ટ્સ એરેના" અંગે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. અંદાજે ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત થનારા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં આધુનિક આઉટડોર ગ્રાઉન્ડ, ફેન્સિંગ અને લાઈટિંગ સુવિધા સાથેનું ક્રિકેટ ગ્રાઉન્ડ, આંતરરાષ્ટ્રીય ધોરણનું સ્વિમિંગ પૂલ તેમજ વિવિધ રમતો માટેની અદ્યતન સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ યુનિવર્સિટીના રમતગમત ક્ષેત્રે વિશાળ વિઝન અને દ્રઢ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સની ટીમ દ્વારા નોંધપાત્ર કાર્ય કરવામાં આવી રહ્યું છે. સુવ્યવસ્થિત આયોજન, શિસ્તબદ્ધ વ્યવસ્થા અને ઉત્સાહભેર ભાગીદારીને કારણે "SPIRIT-2026"નો પ્રારંભ યાદગાર અને ગૌરવપૂર્ણ બન્યો છે.

# ગુજરાતની મજબૂત નાણાકીય શિસ્ત અને સર્વાંગી વિકાસ

કમલમ્,

ગુજરાત સરકારે તેની નાણાકીય શિસ્ત, લાંબાગાળાનું આયોજન અને જનહિતલક્ષી અભિગમ દ્વારા દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. રાજ્યના સર્વાંગી વિકાસ અને કલ્યાણકારી યોજનાઓને વેગ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત કાર્યરત છે. નાણા વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ ૬.૫ ટકાથી વધુ છે, જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૪ ટકા નોંધાયો છે. આટલું જ નહીં, વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૪-૨૫ સુધીના ૧૩ વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. આ ઉપરાંત નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકારે નાણાકીય વ્યવસ્થાપનમાં પણ મજબૂત શિસ્ત જાળવી છે. નાણાકીય જવાબદારી અને અંદાજપત્ર વ્યવસ્થાપન અધિનિયમ (FRBM Act) મુજબ રાજ્યના કુલ એકંદર ઘરગથ્થું ઉત્પાદનના (GSDP) સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. આ મર્યાદાની સામે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર ૧૪.૬૫ ટકા જેટલું નીચું રાખવાનું આયોજન કરીને ઉત્કૃષ્ટ નાણાકીય વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારનું દેવું એ રાજ્યના વિકાસકાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક મહત્વપૂર્ણ સંસાધન છે, જેનો ઉપયોગ જનહિતના કામો માટે કરવામાં આવે છે. ગુજરાત સરકારના બજેટમાં સિંહફાળો વિકાસલક્ષી કાર્યો પાછળ ખર્ચવામાં આવે છે. નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ રૂ. ૪ લાખ કરોડથી વધુના બજેટમાંથી રૂ. ૨.૬૨ લાખ કરોડથી વધુ એટલે કે, લગભગ ૬૫ ટકાથી વધુ બજેટ વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યું છે, જેથી રાજ્યના નાગરિકોની જનસુખાકારીમાં વધારો કરી શકાય. ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસલક્ષી ખર્ચનું પ્રમાણ સતત જાળવી રાખીને જનતાના કલ્યાણને પ્રાધાન્ય આપ્યું છે. રાજ્યમાં કુદરતી આફતોના સમયે નાગરિકોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ ભંડોળ હેઠળ કુલ રૂ. ૮,૧૫૧ કરોડથી વધુની સહાય મળી છે. જેમાં, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ. ૫,૮૫૨.૮ કરોડ, સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ. ૧,૧૪૧.૪૦ કરોડ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ. ૧,૦૭૬.૨૩ કરોડ અને નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ. ૮૦.૮૮ કરોડની સહાય રાજ્ય સરકારને મળી છે. ગુજરાત તેની મર્યાદિત દેવાકીય જવાબદારીઓ, ઊંચા વૃદ્ધિ દર અને મોટા પાયે થતા વિકાસલક્ષી ખર્ચને કારણે આજે રાષ્ટ્રનું ગ્રોથ એન્જિન બન્યું છે.

# છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ ૧૪૮ કિમીના રસ્તાઓ માટે રૂ. ૨૪૬ કરોડના કામો મંજૂર: મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

## ઇકબાલગઢથી સુરેલા-ધનપુરા-વિરમપુરને જોડતા રોડનું રૂ. ૯.૮૦ કરોડના ખર્ચે થશે નવીનીકરણ

કમલમ્,

વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની માહિતી આપતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના છેવાડાના વિસ્તારોમાં રોડ-રસ્તાના નેટવર્કને વધુ મજબૂત કરવાની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. જે અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કુલ ૧૪૮ કિમીના રસ્તાઓ માટે રૂ. ૨૪૬ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે. ઈકબાલગઢથી સુરેલા-ધનપુરા-વિરમપુર-અંબાજી રોડના નવનિર્માણ અંગે વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ અને વિરમપુર થઈને યાત્રાધામ અંબાજીને જોડતા મહત્વના માર્ગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૯.૮૦ કરોડના ખર્ચે રોડનું નવીનીકરણ કરવામાં આવશે. જેમાં રોડની વાઈડનીંગની કામગીરી,માટીકામ, મેટલકામ, ડામરકામ, સી સી કામ, જરૂરી પ્રોટેકશન વોલ, ગટરકામ તથા રોડ ફર્નીસિંગ સહિતની તમામ કામગીરીનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, આ રોડના વિકાસથી ઈકબાલગઢના માર્કેટયાર્ડમાં ખેતપેદાશો લઈને આવતા ખેડૂતોને મોટી સુવિધા મળશે. આ ઉપરાંત ૩ પ્રાથમિક શાળાઓ અને એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આસપાસના ચાર ગામોના અંદાજે ૧૩ હજાર કરતા વધુ નાગરિકોને પરિવહનનો સીધો લાભ મળશે. રોડની પહોળાઈ અને માપદંડો વિશે મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા રસ્તાની પહોળાઈ વધારવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ કામગીરી કરવામાં આવે છે. રસ્તાની પહોળાઈ ૩.૭૫ મીટરથી વધારીને ૫.૫૦ મીટર કે ૭ મીટર કરવા માટે પેસેન્જર કાર યુનિટ(PCU)ના માપદંડો મુજબ કામગીરી કરવામાં આવે છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, જો જમીન સંપાદન, રેલવે લાઈન કે વીજલાઈન જેવા વ્યાજબી કારણો વિના કોઈ કોન્ટ્રાક્ટર કામમાં વિલંબ કરે તો સરકાર દ્વારા તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં, આવા કિસ્સામાં કોન્ટ્રાક્ટરને પેનલ્ટી કરવાથી લઈને બ્લેકલિસ્ટ કરવા સુધીની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# ભાવનગર જિલ્લામાં વિવિધ ૧૨ 'સુધારણા જૂથ પાણી યોજના' હેઠળ રૂ.૪૩૮ કરોડના ખર્ચે ૬૬૧ ગામને આવરી લેવાયા-પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ

## અમરેલી જિલ્લામાં મહી આધારિત જૂથ યોજનામાં કુલ -૩૯ ગામ અને એક શહેરને આવરી લેવાશે

કમલમ્,

છેવાડાના માનવી તેમજ ગામ સુધી પીવાનું શુદ્ધ પાણી આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર હંમેશા સંકલ્પબદ્ધ છે.? આ સંકલ્પને સાકાર કરવા ભાવનગર જિલ્લામાં વિવિધ ૧૨ 'સુધારણા જૂથ પાણી યોજના' હેઠળ અંદાજે રૂ.૪૩૮ કરોડના ખર્ચે ૬૬૧ ગામને આવરી લેવાયામાં આવ્યા છે.આ ૧૨ યોજનાઓમાં મુખ્યત્વે બુધેલ, તળાજા, ગારિયાધાર, પાલીતાણા, વલ્લભીપુર, ઉમરાળા? અને શિહોરનો સમાવેશ થાય છે તેમ,આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો? જવાબ અંગે પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું. મંત્રી શ્રી પટેલે વધુ વિગતો આપતાં કહ્યું કે, ભાવનગરમાં ચોરવડલા ફેઝ -૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કુલ ૧૪ ગામને નર્મદા આધારિત પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.આ ઉપરાંત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ આ યોજના અંતર્ગત પાલીતાણાના ૫૭, ગારિયાધારના ૧૪ , શિહોરના ૦૭ અને ઉમરાળાના ૦૩ એમ કુલ -૮૧ ગામને પાણી આપવામાં આવે છે તેમ, મંત્રીએ ગૃહમાં ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે,અમરેલી જિલ્લામાં મહી આધારિત જૂથ યોજનામાં કુલ -૩૯ ગામ અને એક શહેરને આવરી લેવામાં આવશે. જેમાં બગસરા તાલુકાના ૩૩ ગામ અને એક શહેર,અમરેલી તેમજ કુકાવાવના ૩-૩ ગામને સમાવી લેવામાં આવશે તેમ મંત્રીએ ધારાસભ્યશ્રી દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતાં ગૃહમાં જણાવ્યું હતું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવીટી વધુ સુદ્રઢ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય

**૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા-તાલુકા મુખ્ય મથક સાથેની અવર-જવરની સગવડતા આપવા નર્મદા જિલ્લામાં ૨ નવા બ્રિજ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયા મંજૂર કરતા મુખ્યમંત્રીશ્રી**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવર-જવરની સરળ કનેક્ટિવીટી માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર નર્મદા જિલ્લામાં ૨ નવા પૂલોના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપી છે. તદનુસાર, નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પૂલ માટે ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પૂલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામોમાં વસતા ગ્રામ જનોને પણ અવર-જવર માટે સુગમતા રહેશે તથા આ વિસ્તારમાંથી શાળા-કોલેજોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ચોમાસાના સમય દરમિયાન પણ આવવા-જવામાં સુવિધાયુક્ત રસ્તાની સવલત મળશે. એટલું જ નહિ, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરીક્રમામાં આવતા લાખો પરીક્રમા વાસીઓને ભવિષ્યમાં આ બંન્ને પૂલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

# ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી ૧૦ વર્ષમાં ૨.૧૦ લાખથી વધુ સીધી ભરતીનું આયોજન: મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ

## રાજ્ય સરકારની વહીવટી કાર્યક્ષમતા વધારવા અને યુવાનોને રોજગારી આપવા અમારી સરકાર કટિબદ્ધ: મંત્રીશ્રી

કમલમ્,

વિધાનસભા ગૃહ ખાતે ગુજરાત જાહેર સેવા આયોગમાં કરવામાં આવતી ભરતી વિશે પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતાં મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'ના વિઝનને સાકાર કરવા અને રાજ્યની યુવાશક્તિને સરકારી સેવામાં જોડાવાની ઉમદા તક પૂરી પાડવા ગુજરાત સરકાર મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહી છે. રાજ્ય સરકારની વહીવટી કાર્યક્ષમતા વધારવા અને યુવાનોને રોજગારી આપવા અમારી સરકાર કટિબદ્ધ છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ ને વર્ગ-૧ અને વર્ગ-૨ની કુલ ૩૦૬ જગ્યાઓ માટે માંગણાપત્રક મોકલવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૨૪માં ૭૩ અને વર્ષ ૨૦૨૫માં ૨૩૩ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ પૈકી ૨૪૦ જગ્યાઓ માટેની પ્રારંભિક અને મુખ્ય પરીક્ષાઓ પૂર્ણ થઈ ચૂકી છે, જેના પરિણામો જાહેર કરી ટૂંક સમયમાં જ ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સરકારી ભરતીમાં સાતત્ય અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારે ઐતિહાસિક નિર્ણય લેતા ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર પ્રસિદ્ધ કર્યું છે. આ આયોજન હેઠળ વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ દરમિયાન કુલ ૨,૧૦,૫૮૨ જગ્યાઓ પર સીધી ભરતી કરવામાં આવશે. ગત વર્ષમાં જ ૩૦,૦૦૦ થી વધુ સફળ ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે રાજ્યમાં ઉચ્ચ વહીવટી સ્તરે ખાલી જગ્યાઓ ભરવાની કામગીરી પણ વેગવંતી છે. હાલની સ્થિતિ પ્રમાણે વર્ગ-૧ની કુલ ૧૩,૮૦૩ મંજૂર જગ્યાઓ સામે ૭,૫૩૫ જગ્યાઓ તથા વર્ગ-૨ની કુલ ૩૪,૩૩૫ મંજૂર જગ્યાઓ સામે ૨૨,૮૫૭ જગ્યાઓ ભરાયેલી છે. રાજ્ય સરકાર માત્ર સામાન્ય ભરતી જ નહીં, પરંતુ સમાજના દરેક વર્ગને ન્યાય આપવા કટિબદ્ધ છે. ખાસ કરીને દિવ્યાંગો માટેની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા 'ખાસ ઝુંબેશ' હાથ ધરવામાં આવી છે, જેના હેઠળ વિવિધ સંવર્ગોમાં અનામત જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે તે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

# યુવાનોમાં સાહસ અને શૌર્ય જગાડતી 'ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધા' અંતર્ગત સ્પર્ધકોને રૂ. ૪ લાખ સુધીનું વીમા કવચ: રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીત

## હાઈ-ટેક ટેકનોલોજીના માધ્યમથી કરવામાં આવશે સ્પર્ધાનું જીવંત પ્રસારણ

કમલમ્,

વિધાનસભા ગૃહમાં 'ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધા' વિશે વિગતો આપતા રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીતે જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓની સુરક્ષાને ધ્યાને રાખીને વીમા નિયામકની કચેરી મારફત દરેક સ્પર્ધકનો વીમો ઉતારવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે અંદાજે રૂ. ૭.૮૦ લાખનું પ્રીમિયમ ભરવામાં આવે છે. સ્પર્ધા દરમિયાન પૂર્ણ ઈજા કે જાનહાનિના કિસ્સામાં સ્પર્ધકને રૂ. ૪ લાખ અને આંશિક ઈજાના કિસ્સામાં રૂ. ૨ લાખની સહાય આપવામાં આવે છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુંકે, રાજ્યના ૧૪ થી ૩૫ વર્ષની વયના યુવક-યુવતીઓમાં સાહસિકતાના ગુણો વિકસે તે હેતુથી દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા 'આરોહણ-અવરોહણ' સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધાના લાઈવ પ્રસારણ માટે હાઈ-ટેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં સ્પર્ધાની પારદર્શિતા માટે લાઈવ કેમેરા અને હાઈ-ડેફિનેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત યુ ટ્યુબ અને ટીવી ચેનલો દ્વારા આ સ્પર્ધાનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે, જેથી લાખો નાગરિકો યુવાનોના આ સાહસને નિહાળી શકે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, માત્ર ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજ્યોના યુવાનો પણ આ સ્પર્ધામાં સહભાગી થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

આગામી વર્ષ ૨૦૩૦માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સના આયોજનને ધ્યાને રાખીને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. તાજેતરમાં અંબાજી ખાતે યોજાયેલ સ્પર્ધામાં પણ સમગ્ર દેશભરમાંથી ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, તેમ તેમણે ઉમેર્યું હતું. મેડિકલ સુવિધાઓ વિશે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર સ્પર્ધા દરમિયાન સારવારના સાધનો સાથેની મેડિકલ ટીમ કાર્યરત રાખવામાં આવે છે. વધુમાં પર્વત પર દર ૨૦૦ પગથિયે એક વ્યાયામ શિક્ષક પણ ખડેપગે તૈયાર રાખવામાં આવે છે. આ ઉપરાંત દરેક સ્પર્ધકને પૌષ્ટિક ભોજન અને નિર્ધારિત સમયમાં સ્પર્ધા પૂર્ણ કરનારને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં, તેમણે કહ્યું હતું કે આ સ્પર્ધા અંતર્ગત ઓસમ પર્વત(રાજકોટ), ચોટીલા પર્વત (સુરેન્દ્રનગર), ઈડરીયો પર્વત (સાબરકાંઠા), પાવાગઢ પર્વત (પંચમહાલ), પારનેરા પર્વત (વલસાડ) ખાતે વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૧૮ ભાઈઓ, ૫૦૮ બહેનો સહિત કુલ ૧,૪૨૬ તેમજ વર્ષ ૨૦૨૫-૨૬માં ૧,૦૩૩ ભાઈઓ, ૫૬૪ બહેનો સહિત કુલ ૧,૫૯૭ સ્પર્ધકોએ ભાગ લીધો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028